@kkm1940 www.kkmtrust.org

કપડવણજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL

Affordable Education For All

પ્રતિભા

શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ

સ્થાપના વર્ષ – ૧૯૪૦

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

• સંપાદકઃ- ઋચા આચાર્ય, મનીષા પટેલ • સહ સંપાદકઃ- ઉત્પાબેન, ભાવિકાબેન • માર્ગદર્શકઃ- અનંતભાઈ શાહ • પ્રકાશકઃ- કપડવણજ કેળવણી મંડળ

‘કપડવંજ વિશેષાંક’નું વિમોચન



કપડવંજ કેળવણી મંડળ દ્વારા દાણી ફાઉન્ડેશનના સહયોગથી કપડવંજ હેરીટેજ સીટી પ્રોજેક્ટ અંતર્ગત અતુલ્ય વારસાનો નવો ‘કપડવંજ વિશેષાંક’ પ્રગટ કરવામાં આવ્યો અને જેનું વિમોચન તા.28/03/2023 ના રોજ ગુજરાત રાજ્યના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના અગ્ર સચિવશ્રી અશ્વિનીકુમારના વરદ હસ્તે ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય પુરાતત્વ વિભાગનાં નિયામક શ્રી પંકજ શર્મા, યુવક સેવા સાંસ્કૃતિક વિભાગના સહાયક નિયામકશ્રી ધર્મરાજસિંહ વાઘેલા, કપડવંજ કેળવણી મંડળનાં ટ્રસ્ટીશ્રી અનંત શાહ અને શ્રી નીલાબેન પંડ્યા તેમજ ટીમ અતુલ્ય વારસોના શ્રી કપિલ ઠાકર, શ્રી કિર્તી ઠાકર, શ્રી રોનક રાણા અને શ્રી વિષ્ણુસિંહ ચાવડા જોડાયાં હતાં. અતુલ્ય વારસોના કપડવંજ વિશેષાંકમાં પ્રાચીન નગરની અસ્મિતા, પુરાતત્વીય અભ્યાસ, નગરની પોળો, હવેલીઓ, સ્થાપત્યો, નગરના જળ સ્થાપત્યો, નગરની નામાંકિત પ્રતિભાઓ, સુપ્રસિધ્ધ ખાણીપીણી અને પ્રવાસન વિકાસની શક્યતાઓ અને અન્ય જોવા જાણવા જેવા સ્થળોને આવરી લેવામાં આવ્યા છે. આ અંકની સોફ્ટકોપી અત્રે આપશ્રી સમક્ષ રજુ કરી રહ્યા છીએ જે આપના અભ્યાસમાં અને જ્ઞાનમાં વધારો કરશે, તેવી અમોને આશા છે. વધુ માહિતી માટે https://kkmtrust.org/ આ લીંક પર ક્લિક કરો.

DLSS માં ફેન્સીંગ પ્લેયર તરીકે કપડવંજની વિધાર્થિનીની પસંદગી



કપડવંજ કેળવણી મંડળ અને સંસ્કારધામ સ્પોર્ટ્સ એકેડમીના સંયુક્ત ઉપક્રમે કેકેએમ ફેન્સીંગ ટ્રેનિંગ સેન્ટર દ્વારા તાલીમ શરૂ કરવામાં આવી. આ તાલીમ કેન્દ્રમાંથી, પ્રથમ ફેન્સીંગ પ્લેયર તરીકે(પટેલ તેમી સંજયકુમાર) જોડાઈને ડિસ્ટ્રિક લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ સ્કીમ હેઠળ ફેન્સીંગ પ્રુવન ટેલેન્ટની ટ્રાયલ આપીને DLSS સ્કીમમાં પસંદગી થયા છે. DLSS યોજના અંતર્ગત પટેલ તેમી સંજયકુમારને વિવિધ સુવિધાઓ જેવીકે નિશૂલ્ક આવાસ, ભોજન, શિક્ષણ, પાઠ્યપુસ્તકો, રમત-ગમતના સાધન કીટ ઉપરાંત ૩.750 સ્ટાઈપન્ડ મળશે.

કપડવંજ કેળવણી મંડળના એજયુકેશન આઉટરીચ પ્રોગ્રામ અને ઈ.એલ.એમ.એસ. સ્પોર્ટ્સ ફાઉન્ડેશનની એક પહેલ ‘છલાંગ’ પ્રોજેકટ હેઠળ વિનામૂલ્ય કોમ્યુનિટી સમર કેમ્પ -2023



કપડવંજ કેળવણી મંડળના એજ્યુકેશન આઉટરીચ પ્રોગ્રામ અને ઈ.એલ.એમ.એસ. સ્પોર્ટ્સ ફાઉન્ડેશનની એક પહેલ ‘છલાંગ’ પ્રોજેક્ટ હેઠળ વિનામૂલ્યે કોમ્યુનિટી સમર કેમ્પ-2023નું 27 એપ્રિલથી 12 મે સુધી આયોજન કર્યું હતું. 15 દિવસના કેમ્પમાં 30 થી વધુ બાળકોએ લાભ લીધો હતો. સમરકેમ્પમાં ભાગ લીધેલ જરૂરીયાતમંદ બાળકોને દરરોજના 4





કલાક અલગ -અલગ રમતો અને પ્રવૃત્તિઓ ELMS અને કપડવંજ કેળવણી મંડળના વિવિધ સંસ્થાઓના શિક્ષકો દ્વારા શીખવાડવામાં આવી હતી. જેમાં ELMSના ભારતીબેન દ્વારા વિવિધ રમતો, શ્રીમતી સી.ડી.ગાંધી સ્કૂલના ડ્રોઇંગ ટીચર દિલીપભાઈ દ્વારા આર્ટ એન્ડ ક્રાફ્ટ, કલ્ચરલ સેન્ટરના અક્ષયભાઈ તેમજ શ્રી એસ.સી.દાણી સ્કૂલના ટીચર વૈષ્ણવીબેન દ્વારા ડાન્સ, કે.કે.એમ. ના કરણભાઈ દ્વારા કમ્પ્યુટર તેમજ ગોપાલભાઈ પ્રજાપતિ દ્વારા માટીકામ શીખવાડવામાં આવ્યું હતું. કેમ્પના સમાપન સમારોહમાં ભીલ સમાજના આગેવાનો દિનેશભાઈ ભીલ, શિવાજીભાઈ ભીલ, દલાજીભાઈ ભીલ, કિશનદાદા, દેવાજીભાઈ, ગોપાલભાઈ પ્રજાપતિ અને ક.કે.મંડળના મંત્રીશ્રી અનંતભાઈ અતિથિ તરીકે હાજર રહ્યાં હતાં. અતિથિઓનું બાળકો દ્વારા તૈયાર કરેલ બ્રેસલેટ હાથે બાંધી સ્વાગત કરવામાં આવ્યું હતું. બાળકો દ્વારા કેમ્પમાં જે ડાન્સ શીખ્યા હતાં તે રજૂ કરવામાં આવ્યો હતો. સમારહોના મુખ્ય અતિથિ અને કે.કે.એમ.ના મંત્રીશ્રી અનંતભાઈ શાહને કેમ્પના સ્મૃતિ ચિન્હ રૂપે કેમ્પના બાળકો દ્વારા તૈયાર કરાયેલ કે.કે.એમના લોગોનું મોસેક આર્ટ અર્પણ કરવામાં આવ્યું હતું. તથા દરેક અતિથિને બાળકો દ્વારા તૈયાર કરેલ માટીની કુલડી અને પક્ષીઓ માટે પાણી પીવાની કુલડી આપવામાં આવી હતી. આ સમાપન સમારોહમાં બાળકોના વાલીશ્રીઓ પણ હાજર રહ્યાં હતાં અને તેઓએ આ કેમ્પમાં બાળકો દ્વારા તૈયાર કરેલ કૃતિઓનું પ્રદર્શન અને બાળકોની ક્વીઝબીની મેચ નિહાળી હતી. આ સમાપન સમારોહમાં દરેક બાળકોને પ્રોત્સાહનરૂપે પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં આ કોમ્યુનિટી સમર કેમ્પ 2023નું સંપૂર્ણ સંચાલન સંજયભાઈ ભીલ કે જેઓ કોરોનાકાળથી અત્યારસુધી આ બાળકોને ભણાવવાની સેવા આપી રહ્યાં છે તેમજ ઈ.એલ.એમ.એસ.ના ભારતીબેન, ક.કે.મંડળ તરફથી કરન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર

જિલ્લાકક્ષાએ ચિત્ર સ્પર્ધામાં શાળાનું ગૌરવ





ખેડા જિલ્લા કલા શિક્ષક સંઘ આયોજિત રંગપૂરણી સ્પર્ધા તારીખ 18/11/2022 ના રોજ યોજાઈ. જેમાં વિભાગ અ (ધોરણ 1 થી 5) માં 424 અને વિભાગ- બ (ધોરણ 6 થી 8)માં 174 એમ કુલ 598 બાળકોએ ચિત્રને રંગબેરંગી બનાવીને પોતાની કલા દર્શાવી હતી. તારીખ 13 /3/ 2023 ના રોજ તેનું પરિણામ નીચે મુજબ આવેલ શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિરના કુલ 23 બાળકોએ વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું. આ વિજેતાઓને પ્રમાણપત્ર અને શિલ્ડ એનાયત કરવામાં આવ્યાં હતાં. આમ, ભણતરની સાથે અન્ય કલાનો વિકાસ અભિનંદનને પાત્ર છે. શાળા પરિવાર તથા કે.કે.એમ. પરિવાર તરફથી વિજેતાઓ અને ચિત્ર શિક્ષિકા શ્રી ચંદ્રીકાબેનને અભિનંદન.

વિભાગ	શાળા કક્ષા	તાલુકા કક્ષા	જિલ્લા કક્ષા
અ	6	6	4
બ	2	2	3

વાર્ષિકોત્સવ એટલે પારિતોષિક વિતરણ સમારંભ



તારીખ 25 / 3 /2023 ને શનિવારના રોજ માણેકલાલ દેસાઈ કિશોર મંદિરનો 52મો વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી સ્ટાર વીમા એજન્ટ શ્રી હેતુલભાઇ તલાટી અને અતિથિ વિશેષ તરીકે સુવર્ણ કૃપા જ્વેલર્સના શ્રી મયુરભાઈ શર્માએ ઉપસ્થિત રહી વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા, તેમજ ભાવનાત્મક ઉદ્‌બોધન કરી શાળાને અનુદાન પણ આપ્યું. આ સમારંભમાં લગભગ 315 વિધાર્થીઓને ઇનામ પ્રાપ્ત થયાં હતાં. શાળાના મહામંત્રી બારૈયા કેયુરે પણ સુંદર વક્તવ્ય રજૂ કર્યું. શાળાના આચાર્યાશ્રી અને કપડવણજ કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી નીલાબેન પંડ્યાએ હળવી શૈલીમાં પ્રેરણાદાયી ઉદબોધન કર્યું હતું.આમ, ઉત્સાહભેર વાર્ષિકોત્સવની ઉજવણી કરી.

સફેદ અને મરૂન રંગથી રંગાયેલા ભૂલકાઓની મહેનતનું પરિણામ





ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ધોરણ 6 માં લેવાયેલ શિષ્યવૃત્તિ (PSE) પરીક્ષાના પરિણામનું મેરીટ જાહેર થતાં કપડવંજ તાલુકામાંથી ચાર વિધાર્થીઓને મેરીટમાં સ્થાન મળેલ હતું. આનંદની વાત એ છે કે ચારમાંથી બે વિધાર્થીઓ મા. દે. કિશોર મંદિરના હતાં. પટેલ રચિતા અને પટેલ વંદન. 2020 થી દર વર્ષે આ શાળાના વિધાર્થીઓ મેરીટમાં સ્થાન મેળવે છે એ ખૂબ જ ગૌરવની વાત કહેવાય. આ ઉપરાંત ધોરણ 8 ની શિષ્યવૃત્તિ (NMMS) પરીક્ષાનું પરિણામ જાહેર થતાં આ શાળાના 10 વિધાર્થીઓએ મેરીટમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. 1. પટેલ ધૈર્ય 2. કા. પટેલ હેત્વી 3. સોની નિયતિ 4.પટેલ તેજસ 5. પટેલ જૈનીલ 6. પ્રણામી હેતુલ 7. પટેલ વૈદેહી 8. શેખ ઝૈદ 9. ગમાર ડિમ્પલ 10. ભીલ પવન. શાળા માટે ગૌરવની વાત એ છે કે કપડવંજ તાલુકામાં મેરીટમાં સ્થાન પામનાર સૌથી વધારે વિધાર્થીઓની સંખ્યા આ જ શાળાની છે. આ વિધાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર માસિક 1000 લેખે 4 વર્ષ સુધી 48 હજાર રૂપિયા શિષ્યવૃત્તિ મળશે. છેલ્લા 6 વર્ષમાં આ શાળાના 81 વિધાર્થીઓનો મેરીટમાં સમાવેશ થતા કુલ શિષ્યવૃત્તિ 38,88,000 રૂપિયા થાય છે. મંડળના સદસ્યશ્રીઓ અને શાળા પરિવારે PSE અને NMMS ની પરીક્ષામાં મેરીટમાં સ્થાન પામનાર વિધાર્થીઓ અને માર્ગદર્શન આપનાર શ્રી નિકુંજભાઈ તથા શ્રી કિરપાલસિંહને અભિનંદન પાઠવ્યાં હતાં.

વિદાય સમારંભ





સૂર્ય ઉગે છે અને આથમે છે તેમ મનુષ્યમાં પણ આગમન અને વિદાય થાય છે તેવી જ રીતે શાળામાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરી આગળનું શિક્ષણ પ્રાપ્ત કરવા માટે ધો.8 ના વિધાર્થીઓને વિદાય આપવી અને લેવી જરૂરી છે. આ વર્ષે વિધાર્થીઓની સાથે તથા ત્રણ દાયકાથી પણ વધારે સેવા આપનાર અને બાળકોના લોકપ્રિય શાળાના શિક્ષક



શ્રી સીમાબેન અને શ્રી મયુરીબેન વયમર્યાદાના કારણે નિવૃત્ત થયાં હતાં ત્યારે આ બંને સમારંભનું આયોજન એક સાથે કરવામાં આવ્યું હતું. જેમાં મંડળના હોદ્દેદારશ્રીઓ ઉપરાંત નયનાબેન શાહ, શ્રી સી.એન. વિદ્યાલયના પ્રિન્સીપાલ પી.બી. પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં અને સર્વેને સન્માનપત્ર અર્પણ કરી ઉપસ્થિત મહાનુભવોએ ભાવાત્મક ઉદ્‌બોધન કર્યું હતું. એક વિદ્યાર્થિનીએ વિદાય ગીત પણ રજૂ કર્યું હતું. નોંધનીય બાબત એ છે કે ધોરણ ૪ ના વિદાય સમારંભનું સંચાલન શાળાની એલ.આર. કા.પટેલ હેતવીએ કર્યું હતું. વિદાય લેવા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આચાર્યશ્રીએ શુભેચ્છા પાઠવી હતી.

સૈનિક શાળામાં પસંદગી




મહેસાણામાં આવેલ ખેરવામાં ગણપત યુનિવર્સિટી સંચાલિત સૈનિક શાળા છે. જ્યાં શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિરની વિદ્યાર્થિની આર્યા હેમાંગ વર્મા જે ધો.(૬ અ) માં ભણે છે. આ સૈનિક શાળામાં પરીક્ષા પાસ કરીને પસંદગી પામેલ હતી ગૌરવ પ્રાપ્ત કરવા બદલ સર્વેએ તેને અભિનંદન પાઠવ્યાં હતાં.

શ્રી એસ.સી.દાણી પ્રાયમરી સ્કૂલ

રાષ્ટ્રીય કક્ષાએ શાળાનું ગૌરવ





અગત્સ્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન અને Synopsys દ્વારા આયોજિત અન્વેશના સાયન્સ અને એન્જિનિયરિંગ ફેરમાં કપડવંજ કેળવણી મંડળના બી એડ્. કોલેજના વિધાર્થીઓના માર્ગદર્શન હેઠળ શ્રી એસ. સી. દાણી સ્કૂલ અને શ્રીમતી સી. ડી. ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના વિધાર્થીઓ દ્વારા ત્રણ કૃતિઓ નેશનલ કક્ષાએ રજૂ કરેલ હતી. જેમાં "બનાના ટ્રી ટ્રંક પ્લાન્ટ" અને “બાયોડીગ્રેબલ સેનેટરી નેપકીન” કૃતિ ત્રીજા નંબરે વિજેતા થયાં હતાં. જેઓને પ્રોત્સાહન રૂપે 5000-5000 રૂપિયા ઇનામ અને શિલ્ડ, સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં. દરેક મોડેલમાં કે.કે.એમ ની એજ્યુકેશન ટીમના કરન દેસાઈ અને એસ.સી.દાણી ના વિજ્ઞાન શિક્ષક ડીમ્પલબેન શાહ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

શ્રી સ્પંદન બાલમંદિર

ગ્રાન્ડ બર્થડે સેલિબ્રેશન





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરમાં ગ્રાન્ડ બર્થડે સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું.જેમાં મુખ્ય મહેમાન તરીકે કપડવંજ નગરપાલિકા પ્રમુખ શ્રી મોનીકાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. બાળકોએ સરસ ગ્રૂપ ડાન્સ કર્યો હતો.તેમજ વાલી બહેનો એ પણ સ્ટેજ પરફોર્મન્સ આપ્યું હતું. તેમજ બાળકોએ સાથે મળીને સ્ટેજ પર કેક કાપી હતી.અને સમૂહમાં ડાન્સ કર્યો હતો. ત્યારબાદ બાળકોને રિટર્ન ગિફ્ટ આપવામાં આવી હતી. બાળકો, વાલી તેમજ શિક્ષકોએ સમૂહમાં આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરી હતી.

વાર્ષિકોત્સવ તેમજ સીનીયર કેજીનાં બાળકોનો વિદાય સમારંભ





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરમાં શાળાના વિધાર્થીઓનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ તેમજ સીનીયર કેજીનાં બાળકોનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં બાળકોએ આખા વર્ષ દરમ્યાન કરેલી રમત અને પ્રવુતિઓ જેવી કે સાદી દોડ, કૂદકા દોડ, લીંબુ ચમચી,એક મિનિટની રમતો, મમરાની માળા,મોતીની માળા, ડોલમાં બોલ નાંખવો વગેરે જેવી અલગ અલગ રમત-પ્રવૃત્તિના પ્રોત્સાહિત પ્રમાણપત્ર તેમજ પ્રોત્સાહિત ઈનામો આપ્યાં હતાં. તેમજ સીનીયર કે.જી.ની વિધાર્થિનીઓએ સુંદર સ્વાગત ગીત કર્યું હતું. સીનીયર કે. જી. નાં બાળકો હવે જ્યારે ધો -1 માં પ્રવેશ મેળવવા જઈ રહ્યાં હતાં ત્યારે બાળકોને ગુલાબનું ફૂલ આપીને વિદાય આપવામાં આવી હતી.

શ્રી જડાવબા શિશુકેન્દ્ર

શૈક્ષણિક પ્રવાસ





શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં તા - 15/3/2023 ને બુધવારના રોજ બાળકોને એસ.ટી બસમાં અમદાવાદ કાંકરીયા તથા ગાંધીનગર સેકટર 28 ગાર્ડનમાં શૈક્ષણિક પ્રવાસે લઈ જવામાં આવ્યાં હતાં. બાળકોને પ્રાણીઓ, પક્ષીઓની પ્રત્યક્ષ સમજ આપવામાં આવી હતી. તેમજ અટલ એક્સપ્રેસ ટ્રેનમાં બેસાડી કાંકરીયાની સહેલ કરાવી હતી.

ઉનાળાનું ઋતુ દર્શન



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં ઉનાળાના ઋતુદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને ઉનાળામાં થતા શાકભાજી, ફળો, પહેરવેશ, તહેવાર તેમજ ઠંડા પીણાંની પ્રત્યક્ષ સમજ આપવામાં આવી હતી. જેમાં શાળાના દરેક બાળકોએ ભાગ લીધો હતો. બાળકોને પ્રત્યક્ષ ઋતુ દર્શન જોવાની ખૂબ જ મજા આવી હતી.

વાર્ષિકોત્સવ (ઇનામ વિતરણ) અને સીનીયર કેજીના બાળકોનો વિદાય સમારંભ







કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં તા-1/4/2023 ને શનિવારના રોજ વાર્ષિકોત્સવ (ઇનામ વિતરણ) અને સીનીયર કેજીના બાળકોના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ડૉ. રૂખસારબેન. એ. શેખ અને અતિથિ વિશેષ ડૉ. હિતેન્દ્રભાઈ એલ. ચૌહાણ, કે.કે.એમ.એજ્યુકેશન હેડ પૂજાબેન આચાર્ય અને પ્રોગ્રામ ઓફિસર મનિષાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. સીનીયર કેજીની બાલિકાઓએ અભિનય ગીત રજૂ કરી કાર્યક્રમમાં ઉત્સાહ વધાર્યો હતો. ત્યારબાદ મહેમાન શ્રી ડૉ. રૂખસારબેન અને ડૉ. હિતેન્દ્રભાઈ એ બાળકોને ઇનામ આપીને પ્રોત્સાહિત કર્યાં હતાં. અને બાળકોને મોં મીઠું કરાવીને વિદાય આપી હતી. દરેક બાળકને ઇનામ મળવાથી બાલમંદિરમાં આનંદ છવાઇ ગયો હતો. જડાવબા શિશુ કેન્દ્રમાં વિદાય સમારંભ અને ઇનામ વિતરણની ઉજવણી ખૂબજ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

શ્રી એમ.વી.પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ (નર્સરી)

સીનીયર કેજીના બાળકોનો વિદાય સમારંભ







કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ.વી.પરીખ ઇં.મી. સ્કૂલ(નર્સરી)માં સીનીયર કેજીના બાળકોનો વિદાય સમારંભ તા. 31/3/2023 ને શુક્રવારના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં sr.kg ના બાળકોએ ટૂંકો વાર્તાલાપ રજૂ કર્યો હતો અને જુનીયર કેજીના બાળકોએ વાર્તા તથા અભિનય ગીત ખૂબ જ સરસ રીતે રજુ કરી સીનીયર કેજીના બાળકોને વિદાય આપી હતી. તેમજ શાળા પરિવાર તરફથી સીનીયર કેજીના બાળકોને એક પુસ્તક આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તદુપરાંત વાલી ગણે પણ શાળા તેમજ શિક્ષકોના પરિશ્રમને બિરદાવ્યું હતું. તેમજ સીનીયર કેજીના બાળકોએ પણ પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો.